સુવિચાર : જેના સાનિધ્યમાં હું રિલેક્સ થઈ શકું છું તેને હું સજ્જન કહું છું... - રતન ટાટા

**તાપમાન**
મહત્તમ : ૩૭.૦ ડીગ્રી
લઘુતમ : ૨૩.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૩ ટકા ● સાંજે ૨૨ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૮ | ૧૯ માર્ચ, ૨૦૧૬, શનિવાર ; ફાગણ સુદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## આજે ભારત-પાક વચ્ચે હાઈવૉલ્ટેજ જંગ

**ટ્વેન્ટી ક્રિકેટ કપમાં ટકી રહેવા ભારતને મેચ જીતવી જ પડશે : ધોનીના નેતૃત્વમાં ટીમ ઈન્ડિયાના સ્ટાર ખેલાડીની બેટિંગ પર નજર : શાહીદ આફ્રિદી ભારતીય બેટિંગ લાઈનની કમર તોડવા વ્યૂહરચના ઘડવામાં વ્યસ્ત**

કોલકત્તા,તા.૧૮

કરોડો ક્રિકેટ પ્રેમી જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોઈ રહ્યા હતા તે આઈસીસસી વર્લ્ડ ટ્વેન્ટી-૨૦ક્રિકેટમાં આવતીકાલે પરંપરાગત હરીફ ભારત-અને પાકિસ્તાન વચ્ચે ટ્વેન્ટી-૨૦ જંગ ખેલાનાર છે. આ મેચને લઈને ભારે રોમાંચકતા પ્રવર્તી રહી છે. કોલકત્તાના ઐતિહાસિક ઈડન ગાર્ડન ખાતે રમાનારી આ મેચની તમામ ટિકિટો વેચાઈ ચુકી છે. છેલ્લે ભારત અને પાકિસ્તાન વચ્ચે વર્ષ ૨૦૧૬માં જ એશિયા કપમાં મેચ રમાઈ હતી. બાંગ્લાદેશના મીરપુર ખાતે રમાયેલી આ મેચમાં ભારતે રોમાંચકતા બાદ પાકિસ્તાન પર પાંચ વિકેટે જીત મેળવી લીધી હતી. હવે ઈડન ગાર્ડન ખાતે આવતીકાલે મેચ રમાનાર છે. ભારત તેના પ્રભુત્વને જાળવી રાખવા માટે તૈયાર છે. બન્ને ટીમો વચ્ચે હજુ સુધી કુલ સાત ટ્વેન્ટી મેચો રમાઈ છે. જે પૈકી ભારતે પાંચમાં જીત મેળવી છે. પાકિસ્તાન માત્ર એક મેચ જીતી શક્યુ છે. જો કે પ્રથમ મેચ ન્યુઝીલેન્ડ સામે હારી ગયા બાદ સ્પર્ધામાં ટકી રહેવા માટે ભારતને આ મેચ જીતવી પડશે. પાકિસ્તાન પોતાની પ્રથમ મેચ જીતી ચુક્યુ છે. જેથી ભારત પર દબાણ વધારે દેખાઈ રહ્યુ છે.

બંને દેશો વચ્ચે ટ્વેન્ટી ક્રિકેટના આંકડા પર નજર કરવામાં આવે તો ભારતનો હાથ ઉંચો રહ્યો છે. ભારતે પાંચ અને પાકિસ્તાને એક ટ્વેન્ટી મેચ જીતી છે.હાઈ પ્રોફાઈલ અને હાઈવોલ્ટેજ આ મેચ ટ્વેન્ટી કપની ફાઈનલ સમાન બની રહે તેમ માનવામાં આવે છે. બંને ટીમો પ્રતિષ્ઠા જાળવવાના ઈરાદાથી મેદાનમાં ઉતરશે. એક બાજુ મહેન્દ્રસિંહ ધોનીના નેતૃત્વમાં ભારતીય ટીમ ધરખમ દેખાવ

કરવા તૈયાર છે. પ્રથમ મેચમાં ન્યુઝીલેન્ડ સામે આશ્ચર્યજનકરીતે હારી ગયા બાદ ભારતીય ટીમ જીતના ટ્રેક પર પરત ફરવા માટે તૈયાર છે. બીજી બાજુ શાહીદ આફ્રિદીના નેતૃત્વમાં પાકિસ્તાનની ટીમ પણ જુના ઈતિહાસને ભુલી જઈને હરિફ ભારત સામે શાનદાર દેખાવ કરવા ઈચ્છુક છે. પાકિસ્તાનના બોલરો મેન ઈન બ્લ્યુની બેટિંગ લાઈનને તોડવા માટે વ્યૂહરચના ઘડી રહ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર







(તસવીર : દિપક જાની)

શૂરગાથા ગુજરાતની - ગુજરાતની શૌર્યકથાઓને આવરી લેતો આધુનિક ટેકનોલોજી સાથેના નાટ્ય પ્રસંગોની પ્રસ્તુતિએ ઓપન એર થિયેટર, ગાંધીનગર ખાતે જમાવટ કરી હતી. સુરમધુર કલાવૃંદના સ્થાપના દિવસે યોજાયેલ અનોખો સાંસ્કૃતિક કાર્યક્રમમાં ગાંધીનગરના સંખ્યાબંધ કલાકારોએ અભિનયના ઓજસ પાથર્યા હતા...

## ઉ. કોરિયાના ફરી મિસાઈલ પરીક્ષણથી ભારે ખળભળાટ

શિયોલ,તા. ૧૮

ઉત્તર કોરિયાએ ફરીએકવાર બેલાસ્ટિક મિસાઈલનુ પરીક્ષણ કરીને તમામને ચોંકાવી દીધા છે. આજે ઉત્તર કોરિયાએ પોતાના પૂર્વીય દરિયાકાંઠા પર મિસાઈલનુ પરીક્ષણ કર્યુ હતુ. એક દિવસ પહેલાથી ઉત્તર કોરિયાના નેતા કિંમ જોંગે મિસાઈલ પરીક્ષણના આદેશ જારી કરી દીધા હતા. ઉત્તર કોરિયાના સંરક્ષણ મંત્રાલય દ્વારા નિવેદન જારી કરીને કહ્યુ છે કે મિસાઈલનુ પરીક્ષણ ત્યાંના સમય મુજબ સવારે ૫.૫૫ વાગે કરવામાં આવ્યુ હતુ. મિસ,ાઈલ ૮૦૦ કિલોમીટરના અંતરે સ્થિત દરિયામાં જઈને પડી હતી. દક્ષિણ કોરિયાએ પણ આ અહેવાલને સમર્થન આપ્યુ છે. હાલમાં જ કિમ જોંગે દાવો કર્યો હતો કે દેશે એક ન્યુક્લિયર વોરહેડ રી એન્ટ્રીનુ લેબમાં સફળ પરીક્ષણ કરી લીધુ છે. કિમ જોંગે ભવિષ્યમાં વોરહેડ વિસ્ફોટ અને બેલાસ્ટિક મિસાઈલ પરીક્ષણના આદેશ જારીકર્યા હતા. આ આદેશના ભાગરૂપે બેલાસ્ટિક મિસાઈલનુ પરીક્ષણ કરવામાં આવ્યુ હતુ. ઉત્તર કોરિયા સંયુક્ત રાષ્ટ્ર દ્વારા હાલમાં લાદવામાં આવેલા નવા પ્રતિબંધ બાદ એકપછી એક મિસાઈલ અને વોરહેડ પરીક્ષણ કરવામાં આવી રહ્યુ છે.

## ભારત માતા કી જય બોલવામાં ખોટું નથી : મુસ્લિમ અગ્રણીઓ

**અસાસુદ્દીનના નિવેદનને લઈને છેડાયેલા વિવાદ વચ્ચે સ્પષ્ટ અભિપ્રાય વ્યક્ત કરાયો : ભાજપ-એમઆઈએમ વચ્ચે સાંઠગાંઠ દેખાઈ રહી હોવાની આશંકા**

મુંબઈ,તા. ૧૮

ભારત માતા કી જય બોલવાને લઈને છેડાયેલા વિવાદ વચ્ચે હવે મોટી સંખ્યામાં મુસ્લિમ સમુદાયના નેતાઓએ પણ ભારપૂર્વક કહ્યું છે કે, ભારત માતા કી જય બોલવાને લઈને કંઈ પણ ખોટું નથી. ભારત માતા કી જય બોલાવામાં કોઈ અપમાન પણ નથી. કારણ કે, આ નારો ભારતમાંથી આપવામાં આવ્યો છે. ઈસ્લામમાં પોતાની માતૃભૂમિ માટે પ્રેમ વ્યક્ત કરવાથી તેમનાલોકોને રોકવાની કોઈપણ જોગવાઈ કરવામાં આવેલી નથી. ઈસ્લામમાં દેશ પ્રત્યે પ્રેમ વ્યક્ત કરવામાં કોઈ પ્રતિબંધ નથી. ઘણા અગ્રણી મુસ્લિમ સમુદાયના લોકોએ આક્ષેપ કર્યો છે કે, જટિલ મુદ્દાઓને સપાટી ઉપર લાવવા માટે ભાજપ અને એમઆઈએમ વચ્ચે સમજૂતિ દેખાઈ રહી છે.ભારત માતા કી જયના મુદ્દે સંઘના વડા મોહન ભાગવતની ટિપ્પણીનો જવાબ આપવા માટે અસાસુદીન ઓવેસી માટે કોઈ કારણ દેખાઈ રહ્યું ન હતું. મોહન ભાગવતની ટિપ્પણીનો જવાબ આપવાની કોઈ જરૂર ન હતી. એમઆઈએમના ધારાસભ્ય વારિશ પઠાણે એમ કહેવું જોઈતું ન હતું કે, તેઓ આ નારામાં સુધારો કરશે નહીં.

● અનુસંધાન પાન-૭ પર

## નાની બચતમાં વ્યાજદર ઘટાડાયો

**પીપીએફ વ્યાજદરને ૮.૭ ટકાથી ઘટાડીને ૮.૧ ટકા કરાયો : શ્રેણીબદ્ધ નાની બચતની સ્કીમોમાં વ્યાજદર ઘટાડાતા સામાન્ય બચતકારોમાં નારાજગી : કિસાન વિકાસ પત્રમાં વ્યાજદર ૮.૭ ટકાથી ઘટાડીને ૭.૮ કરાયો**

નવી દિલ્હી,તા. ૧૮

નાની બચત સ્કીમોમાં જોડાયેલા મૂડીરોકાણકારો અને મધ્યમ વર્ગના લોકોને આજે મોટો ફટકો પડ્યો હતો. કારણ કે, સરકારે નાની બચત સ્કીમ ઉપર વ્યાજદરમાં ઘટાડો કર્યો છે. પીપીએફ ઉપર વ્યાજદરને પણ ઘટાડી દેવામાં આવ્યો છે. કેટલીક સ્કીમોના વ્યાજદરમાં ઘટાડો કરવામાં આવતા ખળભળાટ મચી ગયો છે. તેમની સામાજિક સુરક્ષા રકમ જેમાં રોકવામાં આવે છે તે સ્કીમોમાં વ્યાજદર ઘટાડી દેવામાં આવતા સામાન્ય લોકોમાં નારાજગી જોવા મળી રહી છે.

સરકારે પબ્લિક પ્રોવિડંડ ફંડ પર વ્યાજદર ૮.૭ ટકાથી ઘટાડીને ૮.૧ ટકા કરી દીધો છે. બીજી બાજુ કિસાન વિકાસ પત્રમાં વ્યાજદર ૮.૭ ટકાથી ઘટાડીને ૭.૮ ટકા કરી દીધો છે. ટપાલ બચત થાપણો ઉપર વ્યાજદર યથાવત ચાર ટકા રાખવામાં આવ્યો છે.

જો કે, સરકાર દ્વારા લેવામાં આવેલા આ નિર્ણયોને લઈને ભારે નારાજગીનું મોજુ ફરી વળે તેવી શક્યતા છે. નાની બચત સ્કીમ સાથે મોટાભાગે મધ્યમ અને ગરીબ વર્ગના લોકો જોડાયેલા રહે છે. સાથે સાથે ખેડૂતો પણ કિસાન વિકાસ પત્ર સાથે મોટી સંખ્યામાં જોડાયેલા છે. આવી સ્થિતિમાં વ્યાજદરમાં ઘટાડો કરવામાં આવતા નારાજગી ફરી વળે તેવી શક્યતા છે.

## ગૌભક્ત આપઘાતને પગલે સૌરાષ્ટ્રમાં બજારો બંધ રહ્યા

અમદાવાદ, તા.૧૮

ગૌભક્તના આપઘાતને લઈને બંધની અસર કેટલીક જગ્યાએ વધારે અને કેટલીક જગ્યાએ ઓછી રહી હતી. એક બાજુ અમદાવાદમાં બંધને નબળો પ્રતિસાદ મળ્યો હતો જ્યારે બીજી બાજુ સૌરાષ્ટ્રમાં બંધને મજબૂત પ્રતિસાદ મળ્યો હતો. ગૌમાતાને રાષ્ટ્રમાતા કરવાની માંગણી પણ ઉઠી છે. આઠ જેટલા ગૌભક્તોએ ઝેરી દવા પી આત્મવિલોપનનો પ્રયાસ કરતાં એકનું મોત નીપજ્યું હતું. જ્યારે હાલમાં બે લોકો ગંભીર હોવાનું જાણવા મળ્યું છે.

આ ઘટનાને પગલે આજે ગુજરાત બંધનું, ગૌરક્ષકોએ એલાન આપ્યું છે. પરંતુ આ ગુજરાત બંધની અમદાવાદમાં કોઈ અસર જોવા મળી રહી નથી. સવારથી જ રાબેતા મુજબ શહેરમાં દુકાનો અને બજારો ખુલ્લાં જોવા મળ્યા હતા. લોકોમાં ગુજરાત બંધની કોઈ અસર જોવા મળી નહોતી. બીજી તરફ સૌરાષ્ટ્રમાં બંધને આંશિક સફળતા મળી રહી છે.











